1. “વેદ” એટલે શું?

➢ ‘વેદ’ શબ્દ ‘વિદ્ ધાતુ પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ થાય છે ‘જાણવું’.

2. વૈદિક યુગમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

➢ વૈદિક યુગમાં ક્ન્વેદ અને તેમાં દર્શાવવામાં આવેલી સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, ધાર્મિક અને આર્થિક બાબતોનો સમાવેશ થાય છે.

3. વૈદિક સાહિત્યમાં કયા બે પ્રકારના ગ્રંથોનો સમાવેશ થાય છે?

➢ વૈદિક સાહિત્યમાં આ બે પ્રકારના ગ્રંથોનો સમાવેશ થાય છે : (1) મંત્ર અને (2) બ્રાહ્મણ .

4. ઋગ્વદની રચના ક્યારે થઈ હોવાનું મનાય છે?

➢ ઋગ્વદની રચના ઈ. સ. પૂર્વે 1200ની આસપાસ થઈ હોવાનું મનાય છે.

5. સપ્તસિંધુનો શો અર્થ થાય છે?

➢ સપ્તસિંધુનો અર્થ થાય છે. સાત નદીઓ ધરાવતું ક્ષેત્ર. આ સાત નદીઓમાં સિંધુ, બિપાસ, ઝેલમ, રાવી, ચિનાબ , સતલુજ અને સરસ્વતી.

6. ઋગ્લેદકાલીન સમાજમાં રાજા ક્યા નામથી ઓળખાતો હતો?

➢ ઋગ્લેદકાલીન સમાજમાં રાજા’રાજન્ય’ નામથી ઓળખાતો હતો.

7. કઈ વિદુષી મહિલાઓએ ટ્વેદની ઋચાઓ રચવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો?

➢ અપાલા, ધોષા, લોપામુદ્રા, ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદુષી મહિલાઓએ સર્વેદની ઋચાઓ રચવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

8. ઋગ્વદમાં કયા દેવતાઓની પ્રાર્થનાઓ છે?

➢ ક્ન્વેદમાં ઈન્દ્ર, વરણ, મિત્ર, અગ્નિ, વિદ્યુત, નાસત્ય, પુશન, યમ અને સોમ જેવા દેવતાઓની અને ઉષા તથા અદિતિ જેવી દેવીઓની પ્રાર્થનાઓ છે.

9. અનુવૈદિક સમયનો ઇતિહાસ કયા ગ્રંથોમાંથી જાણવા મળે છે?

➢ અનુવૈદિક સમયનો ઇતિહાસ સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોમાંથી જાણવા મળે છે.

10.અનુવૈદિક સમાજમાં કયા ચાર વર્ણ હતા?

➢ અનુર્વૈદિક સમાજમાં આ ચાર વર્ણ હતા : (1) બ્રાહ્મણ, (2) ક્ષત્રિય, (3) વૈશ્ય અને (4) શૂદ્ર.

11.વેદકાલીન સમાજમાં મહિલાઓની સ્થિતિ કેવી હતી ?

➢ વેદકાલીન સમાજમાં મહિલાઓનું સ્થાન ઊંચું અને સન્માનજનક હતું. તે પોતાની ઇચ્છાનુસાર પતિની પસંદગી કરી શકતી. તે પતિ સાથે ગુપ્તસંચાલન અને ધાર્મિક વિધિમાં સરખો ભાગ લેતી. પડદાપ્રથા, બાળલગ્ન કે સતી પ્રથા પ્રચલિત ન હતી. વિધવા- વિવાહની છૂટ હતી. મહિલાઓને ઇચ્છિત અભ્યાસ કરવાની છૂટ હતી.

12.‘વૈદિક સંસ્કૃતિ’ કોને કહે છે?

➢ સિંધુ ખીણની સંસ્કૃતિ પછીના સમય દરમિયાન ભારતમાં વિકસેલી સંસ્કૃતિને ‘વૈદિક સંસ્કૃતિ’ કહે છે. આ વેદકાળ એટલે “વેદ” નામના પ્રાચીન ભારતીય સાહિત્યનો રચનાકાળ. ’વૈદઃ એ સંસ્કૃતના રૂપ ‘વિમાંથી બનેલો શબ્દ છે. તેનો અર્થ ’જ્ઞાન’ થાય છે.

13.ઋગ્લેદકાલીન સમાજમાં કઈ કઈ વિદુષી મહિલાઓ હતી?

➢ ઋગ્લેદકાલીન સમાજ માં લોપામુદ્રા, અપાલા, ઘોઘા, પૌલોમી અને વિશ્વવારા વગેરે વિદુષી મહિલાઓ હતી.

14.અનુવેદકાલીન સમાજમાં કઈ કઈ વિદુષી મહિલાઓ હતી,

➢ અનુર્વેદકાલીન સમાજમાં ગાર્ગી, મૈત્રેયી, રૌમશા, સાવિત્રી અને ગંધર્વગૃહિતા વગેરે વિદુષી મહિલાઓ હતી.

15.વેદકાલીન સમાજમાં કયા કયા હુન્નર ઉદ્યોગો વિકસ્યા હતા?

➢ વેદકાલીન સમાજમાં સુતરાઉ તથા ઊનનાં વસ્ત્રો વણવાનો ઉદ્યોગ તેમજ રંગાટી કામ, શિલ્પકામ, માટીકામ, મોચીકામ, સુથારી કામ વગેરે જેવા હુન્નર ઉદ્યોગો વિકસ્યા હતા.